રજૂ તારીખ :૧૬/૧૧/૨૦૧૮
દાખલ તારીખ :૧૬/૧૧/૨૦૧૮
નિકાલ તારીખ :૦૩/૦૫/૨૦૧૯
સ મ ય :

---

ગાંધીનગરના મે.મુખ્ય સેશન્સ જજશ્રીની કોર્ટમાં ,
મુઃ ગાંધીનગર.

સેશન્સ કેસનં: ૫૨/૨૦૧૮.

આંક–૪૧.

---

ફરીયાદીઃ શ્રી સરકાર.

વિરુધ્ધ.

આરોપી–ઃ (૧) રાકેશભાઈ પાલજીભાઈ અણઝારા ઉ.વ.૨૬,
(૨) ભાવનાબેન પાલજીભાઈ અણઝારા ઉ.વ.૪૫,
બંને રહે.મકાન નં.૭, ચિંતલ રોડ,જયોતિરાવનગરની પાછળ, તાલુકોઃજિલ્લો–ભાવનગર.

ગુન્હો :– ઈ.પી.કોડ કલમ–૪૯૮(ક),૩૦૬,૫૦૪,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩–૭ મુજબ.

---

ફરીયાદપક્ષ તરફે : વિધ્વાન એ.પી.પી.શ્રી.પી.ડી.વ્યાસ.
આરોપીઓ તરફે : વિધ્વાન વકીલ શ્રી પી.ટી.અમીન.

---

**–: ચુ કા દો :–**

(૧) આ કામના ઉપરોકત નામ જણાવેલ આરોપીઓ ઈ.પી.કો.કલમ–૪૯૮(ક), ૩૦૬,૫૦૪ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ધી દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩–૭ મુજબના ગુનાના કામે નોંધાયેલ સેશન્સ કેસ નં.૫ર/૧૮ ની ટ્રાયલનો સામનો કરી રહયા છે.

(ર) આ કામના આરોપીઓ વિરૂધ્ધ તાઃ૦૬/૦ર/ર૦૧૯ ના રોજ આંક–૪ થી નીચે મુજબનું તહોમતનામું ફરમાવેલ.

આ કામના ફરીયાદી ભીમભાઈ પાલજીભાઈ મારૂ ભાવનગર મુકામે રહે છે. ફરીયાદીની ગુજરનાર દિકરી નિલેષાને તમો આરોપી નં.૧ સાથે બે વર્ષ પહેલા પરણાવેલ અને તે રીતે તમો આરોપી નં.૧,ગુજરનારના પતિ અને નં.ર,ગુજરનારના સાસુ થાવ છો. લગ્ન બાદ ગુજરનાર તમો આરોપીઓના ઘરે ગાંધીનગર સેકટર–૫/એ માં આવેલ પ્લોટ નં.૩૫૪/ર માં રહેવા આવેલી અને શરુઆતથી જ તમો આરોપીઓ ગુજરનારને તેણીના પિયર જવાની ના પાડી તેણીને માનસિક શારીરિક ત્રાસ આપતા અને તમો આરોપી નં.ર નાઓ ગુજરનાર પાસે નાણાની માગણીઓ કરી ત્રાસ આપતા હતા અને ત્રાસ સહન નહી થતા ગુજરનારે તાઃ૦૬/૦૫/ર૦૧૭ ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે તમો આરોપીઓના ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલી અને તેણીને આત્મહત્યા કરવામાં તમો આરોપીઓએ દુષ્પ્રેરણ કરી, એકબીજા આરોપીને મદદગારી કરી ઈ.પી.કોડની કલમ–૪૯૮(ક),૩૦૬,૫૦૪,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩–૭મુજબ સજાનેપાત્ર ગુનો આ અદાલતની અદાલતની હકુમતમાં કરેલ છે.

(૩) ફરીયાદપક્ષના કેસની હકીકત રેકર્ડ અને પુરાવાને આધારે ટુંકમાં નીચે મુજબ છે.

બનાવ તાઃ૦૬/૦૫/ર૦૧૭ ના રોજ સવારના દસેક વાગ્યાના અરસામાં ગાંધીનગર સેકટર–૫/એમાં આરોપીઓના મકાનમાં બનેલો છે અને મરનાર નિલેષાબેનને

તેના પતિ રાકેશભાઈ પાલજીભાઈ ૧૦૮ બોલાવી ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં લઈ જાય છે જયાં ડોકટરે તેણીને મૃત જાહેર કરેલ છે અને ફરજ પરના ડોકટરશ્રીની સુચનાથી સીવીલ હોસ્પિટલના એ.એસ.આઈ. છનાજીએ ટેલીફોનવર્ધીથી સેકટર–૭ પોલીસ સ્ટેશનને જાણ કરતા પોલીસ સીવીલ હોસ્પિટલ આવે છે અને મરનારનુ ઈન્કવેસ્ટ પંચનામુ તથા પી.એમ.ની કાર્યવાહી કરે છે અને મરનારની અંતિમક્રિયા વિધી પુરી થયા બાદ ફરીયાદી ભીમભાઈ પાલજીભાઈએ નાયબ પોલીસ અધિક્ષકશ્રી ગાંધીનગર રુબરુ તાઃ૧૩/૦૫/૨૦૧૭ ના રોજ ફરીયાદ આપેલી છે. આ કેસની શરુઆતની તપાસ પી.એસ.આઈ. બોડાણા અને ત્યારબાદ પી.એસ.આઈ. વી.એમ.દેસાઈએ કરેલી છે. તપાસ દરમિયાન ગુનાવાળી જગ્યાનુ પંચો રુબરુ પંચનામુ કરેલુ,મરનારના મુદામાલ કપડા તેમજ અન્ય જરુરી મુદામાલ કબજે કરી એફ.એસ.એલ.માં મોકલી આપી તેના પૃથ્થકરણ રીપોર્ટ મેળવેલા, લાગતા વળગતા સાહેદોના જવાબ લીધેલા અને તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરેલુ છે.

(૪) ફરીયાદીની ફરીયાદ હકીકત ટૂંકમાં નીચે મુજબ છે.

ફરીયાદી ભીમભાઈ પાલજીભાઈ મારુએ તાઃ૧૩/૦૫/૨૦૧૭ ના રોજ ગાંધીનગર ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક રુબરુ ફરીયાદ આપી જણાવેલુ છે કે,ભાવનગર ખાતે પરિવાર સાથે રહે છે, સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે જેમાં દિકરી નિલેશાને બે વર્ષ પહેલા સમાજના રીતરીવાજ મુજબ પાલજીભાઈ ખેતાનભાઈના દિકરા રાકેશ સાથે પરણાવેલ, તેમની દિકરીને કોઈ સંતાન નથી પરંતુ પ્રેગનન્ટ હતી. લગ્ન બાદ દિકરી તેની સાસરી અમરેલીમાં તથા ગાંધીનગર સેકટર–૫ માં તેના પતિ સાથે રહેતી હતી અને તેના પતિ ટોરેન્ટ ફાર્માસીસ્ટમાં નોકરી કરતા હતા. દિકરી અમરેલીમાં રહેતી હતી ત્યારે તેના સાસુ પજવણી કરતા હતા અને છેલ્લા દોઢ વર્ષથી દિકરી અને જમાઈ ગાંધીનગર રહેવા આવછેલા તે પછી મારી દિકરીને જમાઈ હેરાનપરેશાન કરતા હતા અને અમારા ત્યાં આવવા દેતા ન હતા. મારી દિકરી ફોન ઉપર જણાવતી કે, મારા સાસુ ફોનથી અવારનવાર મારા પતિને ચઢામણી કરે છે તેથી તેના પતિ માનસિક શારીરિક ત્રાસ આપી હેરાન પરેશાન કરે છે પરંતુ દિકરી તેનુ ઘર બંધાય તે માટે સહન કરીને રહેતી હતી અને પોલીસમાં કયાંય ફરીયાદ કરેલી નહી.

ફરીયાદીએ વધુમાં જણાવેલુ છે કે,તાઃ૦૬/૦૫/૨૦૧૭ ના રોજ સવારે ઘરેથી નીકળી વલ્લભીપુર આવેલા ત્યારે દસ સાડાદસની આસપાસ જમાઈ રાકેશનો ફોન આવેલો અને નિલેશાએ ગળે ફાંસો ખાધેલ હોવાનુ જણાવતા તેઓ ભાવનગર ગયેલા અને કુટુંબીઓને વાતચીત કરી તેઓ બધા ગાંધીનગર આવેલા, નિલેશાની લાશ જોતા ગળે ફાંસો ખાધેલો હતો. પોલીસે કાર્યવાહી કરી લાશનુ પી.એમ.કરાવેલુ અને લાશની અંતિમક્રિયા કરવા સારુ સોંપેલ. આમ દિકરી નિલેશાને માનસિક રીતે ટોર્ચર કરી અને સાસુ ભાવનાબેને પૈસાની માગણીઓ કરી, પીયરમાં આવવા નહી દઈ શારીરિક માનસિક ત્રાસ આપતા તેણીના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરેલ હોઈ તેઓના વિરુધ્ધ કાયદેસર થવા ફરીયાદ કરેલી છે.

(૫) બનાવ બન્યા બાદ આ કામના આરોપી રાકેશભાઈ મરનારને ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા જ્યાં ડોકટરશ્રીએ તેણીને મૃત જાહેર કરેલા અને ડોકટરશ્રીની સુચનાથી સીવીલ હોસ્પિટલના એ.એસ.આઈ. છનાજીને ટેલીફોનવર્ધીથી જાણ કરતા સૌપ્રથમ અકસ્માત મોત નં.૩૦/૧૭ થી નોંધ કરવામાં આવેલી ત્યારબાદ ફરીયાદીએ તાઃ૧૩/૫/૨૦૧૭ ના રોજ ફરીયાદ જાહેર કરતા પી.એસ.ઓ.એ ગુનાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરી ગુનો રજીસ્ટર્ડ કરેલો પી.એસ.આઈ. વી.એલ.બોડાણાને તપાસ સોંપતા તેઓએ ઈન્કવેસ્ટ પંચનામુ કરાવેલુ, બનાવવાળી જગ્યાનુ પંચો રુબરુ પંચનામુ કરેલુ, બનાવ વખતે મરનારે પહેરલા કપડા કબજે કરી જરુરી નમુના એફ.એસ.એલ.માં મોકલી આપી તે અંગેનો પૃથ્થકરણ અહેવાલ મેળવેલો,લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા અને પુરતો પુરાવો જણાતા આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલુ.

(૬) સદર ચાર્જશીટ ચીફ જ્યુડી.મેજી.શ્રી ગાંધીનગરનાઓની કોર્ટમાં રજુ થતા ક્રિ.કેસ નં.૩૫૨૧/૨૦૧૭ થી નોંધવામાં આવે છે અને ગાંધીનગરના જે તે સમયના નવમા એડી.જ્યુડી.મેજી.શ્રીને કેસ ચલાવવાની હુકમત ન હોઈ અને સદર કેસ સેશન્સ ટ્રાયેબલ હોઈ તાઃ૩૦/૦૮/૨૦૧૮ ના રોજ આંક–૧૨ થી અત્રેની સેશન્સ કોર્ટ, ગાંધીનગરને કમિટ કરતા સેશન્સ કેસ નં.૫૨/૧૮ થી નોંધવામાં આવેલ છે.

(૭) આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા આંક–૦૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક),૩૦૬,૫૦૪ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ધી દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩–૭ મુજબનુ તહોમતનામુ તેઓને વાંચી સંભળાવી સમજાવી ફરમાવવામાં આવેલુ પરંતુ આરોપીઓએ કેસ કબુલ ન કરતા ટ્રાયલ ચલાવવાની માગણી કરેલી છે.

(૮) ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

| અનુ.નં. | સાહેદનુ નામ અને વિગત | આંક. |
|---|---|---|
| (૧) | પારૂલબેન શંકરલાલ પારાસર,<br>મરનારની લાશનુ પી.એમ.કરનાર ડોકટરશ્રી,ગાંધીનગર. | ૧૦ |
| (૨) | કાળીદાસ પુનાજી પરમાર,<br>બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ. | ૧૪ |
| (૩) | વિજય ભવાનભાઈ પરમાર,<br>બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ. | ૧૫ |
| (૪) | ભીમજીભાઈ પાલજીભાઈ મારુ,<br>ફરીયાદી/ મરનારના પિતા. | ૧૯ |
| (૫) | હર્ષાબેન ભીમજીભાઈ મારુ,<br>ફરીયાદીના પત્ની/ મરનારની માતા. | ૨૧ |
| (૬) | નિલેશભાઈ ભીમજીભાઈ મારુ,<br>ફરીયાદીના પુત્ર/ મરનારના ભાઈ. | ૨૨ |
| (૭) | વખતસિંહ લાલસિંહ બોડાણા,<br>તપાસનીશ અધિકારી/પી.એસ.આઈ. સે–૭,પો.સ્ટે. | ૨૮ |
| (૮) | વિક્રમભાઈ મોતીભાઈ દેસાઈ,<br>તપાસનીશ અધિકારી/પી.એસ.આઈ. સે–૭,પો.સ્ટે. | ૩૭ |

(૯) ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થન માટે ઉપરોકત મૌખીક પુરાવા ઉપરાંત નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ છે.

| અનુ.નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| (૧) | મરનારનુ પી.એમ.કરવાની યાદી. | ૧૧ |
| (૨) | પી.એમ.નોટ | ૧૨. |
| (૩) | મરનારનુ કોઝ ઓફ ડેથ સર્ટી. | ૧૩ |
| (૪) | ફરીયાદ. | ૨૦ |
| (૫) | મરણોત્તર પંચનામુ. | ૨૩ |
| (૬) | આરોપી રાકેશે ગુનાની હકીકતનુ વર્ણન કરી મુદામાલ દુપટો રજુ કરતા તે કબજે કર્યાનુ પંચનામુ. | ૨૪ |
| (૭) | મરનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ. | ૨૫ |
| (૮) | બનાવવાળી જગ્યાનુ પંચનામુ. | ૨૬ |
| (૯) | અકસ્માત મોત સંબંધે ગુનાની નોંધ કરવાનો નાયબ પોલીસ અધિક્ષકનો પત્ર. | ૨૯ |
| (૧૦) | ગુનાની નોંધ કરવાનો નાયબ પોલીસ અધિક્ષકનો પત્ર. | ૩૦ |
| (૧૧) | ગાંધીનગર સીવીલ હોસ્પિટલની ટેલીફોનવર્ધી. | ૩૧ |
| (૧૨) | ઈન્કવેસ્ટ પંચનામુ કરવાની યાદી. | ૩૨ |
| (૧૩) | મુદામાલ રવાનગી નોંધ. | ૩૩ |
| (૧૪) | મુદામાલ એફ.એસ.એલ.ને મળ્યાની પહોંચ. | ૩૪ |
| (૧૫) | એફ.એસ.એલ.એ પી.આઈ. સે–૭ પો.સ્ટે.ને લખેલ પત્ર. | ૩૫ |
| (૧૬) | એફ.એસ.એલ.નો મુદામાલ પૃથ્થકરણ અહેવાલ. | ૩૬ |

(૧૦) ઉપરોકત હકીકતે ફરીયાદપક્ષે તેના કેસના સમર્થનમાં મૌખીક અને દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ આંક–૩૮ થી અન્ય સાહેદોને ડ્રોપ કરી આંક–૩૯ થી તેમનો પુરાવો પુરો થયાનું જાહેર કરતા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં તેઓએ ઈન્કારીયતનો બચાવ લીધેલ છે અને આરોપીઓએ નિર્દોષ હોવાનુ જણાવેલ છે. આરોપીઓ પૈકી કોઈ આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવમાં કોઈ સાહેદો તપાસેલ નથી કે અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી પી.ડી.વ્યાસને સાંભળ્યા તથા આરોપીઓ તરફે વકીલશ્રી પી.ટી.અમીનની દલીલો સાંભળી.

(૧૨) રેકર્ડ ઉપરનો પુરાવો તથા દલીલોના સંદર્ભમાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

(૧) શું એવુ નિઃશંકપણે સાબીત થાય છે કે,આરોપીઓએ મરનાર નિલેશાબેનને બનાવ અગાઉથી દહેજ મેળવવા બાબતે શારીરિક માનસિક ત્રાસ આપી તેણી પ્રત્યે ક્રુરતા આચરી,ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ.પી.કોડની કલમ–૪૯૮(ક) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩–૭ મુજબના ગુના કરેલા ?

(૨) શું એવુ નિઃશંકપણે સાબીત થાય છે કે,મરનાર નિલેશાબેનને લગ્નજીવન દરમિયાન આરોપીઓએ શારીરિક અને માનસિક ત્રાસ આપેલો અને તે ત્રાસ સહન ન થતા તેણીએ તાઃ૦૬/૦૫/૨૦૧૭ ના રોજ સવારના દસેક વાગ્યાના અરસામાં ગાંધીનગર ખાતે આરોપીઓના ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલી અને આત્મહત્યા કરવા માટે તમો આરોપીઓએ દુષ્પ્રેરણ અને મદદગારી કરી ઈ.પી.કોડની કલમ ૩૦૬ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો ગુનો કરેલો છે ?

(૩) શું સજા તથા હુકમ થવો જોઈએ ?

(૧૩) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ.

Principal Sessions Judge,
Gandhinagar

PRINCIPAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR सत्यमेव जयते

**–: કા ર ણો :–**

મુદા નંબર–૧–૨ સાથે.

(૧૪) ઉપરોકત મુદાઓના કારણો આપતા પહેલા ફરીયાદપક્ષના પુરાવાની ટૂંકમાં ચર્ચા કરવી જરુરી હોઈ નીચે મુજબ કરવામાં આવે છે.

–: મૌખિક પુરાવાની ચર્ચા :–

(૧૫) ફરીયાદપક્ષે સાહેદ નં.૧,ડો.પારૂલબેન શંકરલાલ પારાસરને આંક–૧૦ થી તપાસેલા છે,આ સાહેદે તાઃ૦૬/૦૫/૨૦૧૭ ના રોજ મરનાર નિલેશાબેનની લાશનુ પી.એમ.કરેલુ અને મરનારને શરીરના બાહય ભાગે તથા આંતરિક ભાગે જે હકીકતો હતી તે લખવામાં આવેલ છે તેમજ મરનારનુ મૃત્યુ ગળે ફાંસો ખાવાથી શ્વાસ રૂંધાવાના લીધે થયેલાનુ કારણ સાહેદે આપેલુ છે. રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામુ અને પોલીસ સાહેદો તથા અન્ય સાહેદોનો પુરાવો જોઈએ તો મરનારે આરોપીઓના ઘરે તાઃ૦૬/૦૫/૨૦૧૭ ના રોજ સવારના દસેક વાગ્યાના અરસામાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલાનુ રેકર્ડ ઉપરથી પુરવાર થાય છે.

(૧૬) પ્રશ્ન એ છે કે, મરનારે આરોપીઓના ત્રાસના કારણે આ આપઘાતનુ કૃત્ય કરેલુ છે કે કેમ ? તેમજ લગ્નજીવન દરમિયાન તેણીને ત્રાસ આપવામાં આવતો હતો અને ત્રાસના કારણે આ પગલુ ભરવામાં આવેલુ કે કેમ ?

(૧૭) ફરીયાદપક્ષે સાહેદ નં.૪, ફરીયાદી ભીમજીભાઈ પાલજીભાઈ મારૂને આંક–૧૯ થી તપાસેલા છે, જેઓ મરનાર નિલેશાબેનના પિતા થાય છે અને તેઓ જણાવે છે કે, નિલેષા તેમની દિકરી થાય છે, તેણીના લગ્ન આરોપી રાકેશ પાલજીભાઈ સાથે કરેલા અને લગ્ન પછી ગાંધીનગરમાં રહેતી હતી,શરુઆતમાં બંને જણા અમરેલી રહેતા હતા ત્યારબાદ ગાંધીનગર રહેવા આવેલા. સાહેદ વધુમાં જણાવે છે કે, આરોપીઓ તેમની દિકરીને હેરાન કરતા હોવાનુ તેમની દિકરી ફોન ઉપર જણાવતી હતી, રક્ષાબંધન ઉપર આવી ત્યારે પણ માનસિક ત્રાસ હોવાનુ જણાવેલુ. તાઃ૬/૫/૨૦૧૭ ના રોજ નિલેષાએ ગળે ફાંસો ખાધેલ

હોવાની જાણ થતા તેઓ ગાંધીનગર આવેલા,સાહેદે તેમની દિકરીના મૃત્યુ અંગે ફરીયાદ આપેલી. ઉલટતપાસમાં આ સાહેદે જણાવેલુ છે કે, તેમની દિકરી રીસાઈને તેમના ઘરે આવેલી નથી અને આરોપીઓએ કોઈ માનસિક ત્રાસ કે હેરાનગતિ કરેલી નથી, મે લાગણીમાં આવીને તેમજ સમાજના આગેવાનોના દબાણના લીધે ફરીયાદ કરેલી. સાહેદે વધુમાં જણાવેલુ છે કે, મારા જમાઈ પૈસેટકે સુખી છે અને તેઓએ અમારી પાસે પૈસાની માગણી કરી હોય તેવુ બનેલુ નથી. આમ આ સાહેદે ઉલટતપાસ દરમિયાન સમર્થન આપેલુ નથી.

(૧૮) ફરીયાદપક્ષે સાહેદ નં.૫, હર્ષાબેન ભીમજીભાઈ મારુને આંક–૨૧ થી તપાસેલા છે અને સાહેદ નિલેશભાઈ ભીમજીભાઈ મારુ સાહેદ નં.૬ ને આંક–૨૨ થી તપાસેલા છે. આ બંને સાહેદો મરનારના અનુક્રમે માતા અને ભાઈ થાય છે.આ બંને સાહેદોનો પુરાવો જોવામાં આવે તો તેમની દિકરી અમરેલીમાં રહેતી હતી ત્યારે તેના પતિ અને સાસુ હેરાન કરે છે તેવુ ફોન ઉપર કયારેય જણાવતી ન હતી. ફરીયાદ શું આપેલી તેની તેઓને ખબર નથી અને ફરીયાદ અંગે તેઓ કંઈ જાણતા નથી અને સમાજના માણસોના કહેવાથી ફરીયાદ આપેલાનુ જણાવે છે. આમ આ સાહેદો ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે ત્યારબાદ ઉલટતપાસમાં પણ આ સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ નથી. આ સાહેદોનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આ કામના આરોપીઓ કે તે પૈકી કોઈ આરોપી મરનાર નિલેશાબેનને માનસિક શારીરિક ત્રાસ આપતા હોય કે મરનાર પાસે કોઈ રકમની માગણી કરતા હોવાની હકીકત ફલીત થતી નથી.

(૧૯) આ કામે તપાસનીશ અધિકારીએ પંચો રુબરુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ જે આંક–૨૬ થી રજુ થયેલ છે, આ પંચનામાના સાહેદ કાળીદાસ પુનાજી પરમાર સાહેદ નં.૨,આંક–૧૪ થી તપાસેલા છે, જેઓએ તેમની હાજરીમાં પંચનામુ થયાનો ઈન્કાર કરી સમર્થન આપેલુ નથી તેથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે જયારે આ જ પંચનામાના બીજા પંચ વિજય ભવાનભાઈ પરમાર સાહેદ નં.૩,આંક–૧૫ થી તપાસેલા છે, તેઓ જણાવે છે કે,પંચનામુ મારી હાજરીમાં કરેલુ નહી અને શેનુ પંચનામુ હતુ

તેની તેમને ખબર નથી,આમ આ સાહેદને પણ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે,આમ આ બંને પંચ સાહેદો ફરીયાદપક્ષને સમર્થન કરતા નથી.

(૨૦) તપાસનીશ અધિકારીએ પંચો રુબરુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ જે આંક–૨૩ થી રજુ કરવામાં આવેલ છે. મરનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ આંક–૨૫ થી રજુ કરેલ છે પરંતુ આ પંચનામાના પંચ સાહેદોને તપાસવામાં આવેલા નથી.

(૨૧) ફરીયાદપક્ષે સાહેદ નં.૦૭,વખતસિંહ લાલસિંહ બોડાણાને આંક–૨૮ થી તપાસેલા છે,જેઓ પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા, પી.એસ.ઓ.એ ગુનો નોંધી આ સાહેદને તપાસ સોંપતા તેઓએ આ કેસની તપાસ કરેલી જે અન્વયે તેઓએ આંક–૨૬ થી બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ, મરનારના કપડા પંચનામાની વિગતે કબજે લીધેલા, એકઝી.મેજી.શ્રી રુબરુ લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરાવેલુ અને લાગતા વળગતા સાહેદોના જવાબ લીધેલા, આ સાહેદને પણ બનાવ અંગે કોઈ જાતમાહિતી નથી.

(૨૨) ફરીયાદપક્ષે સાહેદ નં.૦૮,વિક્રમભાઈ મોતીભાઈ દેસાઈને આંક–૩૭ થી તપાસેલા છે,જેઓ પી.એસ.આઈ.તરીકે ફરજ બજાવતા હતા અને અગાઉના પી.એસ.આઈ. બોડાણા પાસેથી તપાસ સંભાળેલી, તેઓએ પૈસાની માગણી સંબંધે દહેજ પ્રતિબંધક ધારાની કલમનો ઉમેરો કરેલો અને પુરતો પુરાવો જણાતા આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરેલુ, આ સાહેદને પણ બનાવ અંગે કોઈ જાતમાહિતી નથી.

(૨૩) આરોપીઓ કે જે મરનારના પતિ અને સાસુ છે અને તેઓની સામે ઈ.પી.કોડની કલમ–૪૯૮(ક),૩૦૬,૫૦૪,૧૧૪ અને દહેજ પ્રતિબંધક ધારાની કલમ૩–૭ નુ તહોમત છે. કલમ–૪૯૮(ક) નો વ્યાપ જોવામાં આવેતો પરણિત પર દહેજની માગણી અથવા અન્ય કોઈ કારણે આપવામાં આવતા ત્રાસ અથવા ક્રુરતા પુરતો મર્યાદિત છે. આ કલમમાં ક્રુરતા શબ્દની સમજુતિ ધ્વારા વ્યાખ્યાબદ કરવામાં આવેલ છે અને આરોપીના ઈરાદાપૂર્વકના વર્તનને ત્રાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આમ ફરીયાદપક્ષે નિઃશંકપણે

એવુ સાબીત કરવાનુ રહે કે, મરનારને તેના પતિ કે સગા ઈરાદાપૂર્વક તેવુ વર્તન કરે જે વર્તન સ્ત્રીને આત્મહત્યા કરવા પ્રેરે અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે તો તે ક્રુરતા ગણાય અને આ કૃત્યથી સામેની વ્યકિત ઉપર શું અસર થશે તે માટે આરોપી સભાન છે અને આવી ક્રુરતા ઈરાદાપૂર્વક કરવામાં આવી છે તેવુ પુરવાર થવુ જોઈએ. આ કેસમાં મરનારના પિતા ફરીયાદી ભીમજીભાઈ પાલજીભાઈ મારુ તથા મરનારની માતા હર્ષાબેન ભીમજીભાઈ તેમજ મરનારના ભાઈ નિલેશભાઈ ભીમજીભાઈનો પુરાવો જોવામાં આવે તો મરનાર દિકરીને કોઈ ત્રાસ ન હતો અને સમાજના આગેવાનોના દબાણના કારણે ફરીયાદ આપેલ હોવાનુ જણાવેલ છે, આમ આ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો મરનારને આરોપીઓ તરફથી કોઈ ત્રાસ હોવાનુ કે આરોપીઓએ મરનાર પાસે કોઈ માગણી કરી હોવાનુ અને તેને કારણે મરનારે આત્મહત્યા કરી હોવાનુ સાબીત થતુ નથી. આમ સમગ્ર પુરાવો જોવામાં આવે તો ઈ.પી.કોડની કલમ–૪૯૮(ક) મુજબની વ્યાખ્યાના તત્વો પ્રમાણે લગ્નજીવન દરમિયાન આરોપીઓએ ઈરાદાપૂર્વક સતત એવુ વર્તન કરેલ હોય કે, શારીરિક માનસિક ત્રાસ આપેલો હોય અને તેના કારણે મરનારે આપઘાત કર્યો હોય તેવો કોઈ પુરાવો ન હોઈ તે પ્રમાણે ઈ.પી.કોડની કલમ–૪૯૮(ક)ના કોઈ તત્વો સાબીત થતા નથી તે સ્પષ્ટ થાય છે.

(૨૪) આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૩૦૬ નુ તહોમત છે એટલે કે મરનારને આપઘાત કરવા મજબુર કરી દુષ્પ્રેરણ આપેલુ તેવુ તહોમત છે. આ અંગે પુરાવો જોવામાં આવે તો મરનારના માતા પિતા અને ભાઈને અનુક્રમે સાહેદ નં.૪ થી ૬ સુધી તપાસેલા છે, જેઓએ આરોપીઓના આક્ષેપિત કૃત્ય સંબંધે ફરીયાદપક્ષને સમર્થન આપેલુ નથી અને તેઓને માની શકાય કે તેઓના ઉપર આધાર રાખી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવતો પણ નથી. આમ આરોપીઓએ મરનારને આત્મહત્યા કરવામાં ઈ.પી.કોડની કલમ–૧૦૭ મુજબની મદદગારીના સંદર્ભમાં ઉશ્કેરણી કે ચઢવણી કરી હોય અને તેના કારણે મરનારે માનસિક સમતુલા ગુમાવી દીધી હોય અને મરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હોય તે પ્રકારનો ત્રાસ આરોપીઓએ આપેલો હોય તેવુ રેકર્ડ ઉપર આવતુ નથી.

(૨૫) સમગ્ર પુરાવો જોવામાં આવે તો મરનાર નિલેશાબેનનુ તા:૦૬/૦૫/૨૦૧૭ ના રોજ સવારના દસના અરસામાં ડો.પારૂલબેન શંકરલાલ પારાસર સાહેદ નં.૧, આંક–૧૦ ના

પુરાવા પ્રમાણે તેમજ રજુ કરેલ આંક–૧૨ ની પી.એમ.નોટ પ્રમાણે મરનારનુ મૃત્યુ ગળે ફાંસો ખાવાના કારણે શ્વાસ રૂંધાવાના કારણે થયેલાનો સ્પષ્ટપણે પુરાવો આપેલ છે, આમ મરનારનુ મૃત્યુ તા:૦૬/૦૫/૨૦૧૭ ના રોજ મેડીકલ પુરાવા પ્રમાણે તેનો શ્વાસ રૂંધાવાના કારણે તેનુ મોત થયેલાનુ પુરવાર થાય છે. ફરીયાદપક્ષે મરનારનુ મૃત્યુ આપઘાત નથી પરંતુ આરોપીઓના ત્રાસના કારણે મરનારે આપઘાત કરી લીધો તેવુ સાબીત થવુ જોઈએ. ઈ.પી.કોડની કલમ–૩૦૬ કે જે આપઘાતમાં દુષ્પ્રેરણાની જોગવાઈ છે અને દુષ્પ્રેરણ ઈ.પી.કોડની કલમ–૧૦૭ મુજબની મદદગારી હોવી જોઈએ. આમ આરોપીઓનુ વર્તન તેમજ આક્ષેપ પ્રમાણે આરોપીઓએ એકબીજાની મદદગારીમાં સતત માનસિક ત્રાસ આપતા હોય અને તેને કારણે મરનારે આપઘાત કરી લીધેલ છે તેવુ પુરવાર થવુ જોઈએ. આ કેસમાં મરનારના માતા પિતા તથા ભાઈએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ નથી. આ ઉપરાંત સાંયોગિક પુરાવાની દૃષ્ટિએ પણ આવો કોઈ પુરાવો દરેક સંજોગો રેકર્ડ ઉપર આવતા નથી કે મરનારના લગ્નજીવન દરમિયાન આરોપીઓએ ત્રાસ આપેલો હોય અને આ ત્રાસના કારણે મરનારે સહન ન થતા આપઘાત કરી લીધેલ હોય. આમ આરોપીઓ સામેનુ ઈ.પી.કોડની કલમ–૩૦૬ મુજબનુ તહોમત સમગ્ર પુરાવાથી તથા સાંયોગિક પુરાવાથી ફરીયાદપક્ષ સાબીત કરવામાં નિષ્ફળ જાય છે. પોલીસ સાહેદોને બનાવ સંબંધે કોઈ અંગત જાતમાહિતી નથી, મરનારના મૃત્યુ પહેલા કોઈ નિવેદન લેવામાં આવેલુ નથી, આ સંજોગોમાં ફરીયાદપક્ષ નિ:શંકપણે આરોપીઓએ આપઘાતમાં દુષ્પ્રેરણ આપેલ હોય તે હકીકત સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ જાય છે.

(૨૬) આમ સમગ્ર પુરાવો જોવામાં આવે તો ફરીયાદી ભીમજીભાઈ પાલજીભાઈ મારુનો આંક–૧૯ નો પુરાવો જોવામાં આવે તો તેઓએ પોતાની ફરીયાદને સમર્થન આપેલ નથી અને ફરીયાદ એ મૂળભુત પુરાવો નથી તેમજ અન્ય બાકીના સાહેદો જે નજીકના સગા છે તેઓએ પણ મરનારને આરોપીઓ તરફથી ત્રાસ હોય કે ક્રુરતા આચરવામાં આવતી હોય અને તેના કારણે મરનારે આપઘાત કરેલો હોય અને તે કૃત્યમાં આરોપીઓએ મદદગારી કરી હોય તેવુ લેશમાત્ર રેકર્ડ ઉપરના પુરાવાથી આરોપીઓ વિરુધ્ધ નિ:શંકપણે સાબીત થતુ નથી , એટલુ જ નહી પરંતુ આરોપીઓએ મરનારને બિભત્સ ગાળો આપી, તેણીની પાસે દહેજ પેટે ગેરકાનૂની નાણાની માગણી કરી હોવાનુ પણ સાબીત થતુ નથી અને એ રીતે ફરીયાદપક્ષ

આરોપીઓ સામે આંક–૪ થી ઈ.પી.કોડની કલમ–૪૯૮(ક),૩૦૬,૫૦૪ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ધી દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩–૭ નુ તહોમત ફરમાવેલુ છે તે મુજબનો ચાર્જ નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ જતા હોઈ મુદા નં.૧–૨ નો જવાબ નકારમાં આપી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) આ કામના આરોપી (૧) રાકેશભાઈ પાલજીભાઈ અણઝારા, (૨) ભાવનાબેન પાલજીભાઈ અણઝારા,બંને રહે.મકાન નં.૭, ચિંતલ રોડ,જયોતિરાવનગરની પાછળ, તાલુકોઃ જિલ્લો–ભાવનગરનાઓને ગાંધીનગર સેકટર–૭,પો. સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૧૦૪/૨૦૧૭, ઈ.પી.કોડ કલમ–૪૯૮(ક), ૩૦૬,૫૦૪,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩–૭ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદામાલનો અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવો.

(૩) આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ)ના સુધારા મુજબ નામદાર હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો હાજર રહેવા સંબંધે રુ.૫૦૦૦/–(અંકે પાંચ હજાર પૂરા) ના જામીન રજૂ કરેથી મુકત કરવા.

આજ તારીખઃ ૦૩ માહે.મે સને.૨૦૧૯ ના રોજ મારી સહી કરી હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તાઃ૦૩/૦૫/૨૦૧૯.
ગાંધીનગર.

**(ઈલેશ.જે.વોરા )**
**GJ00136**
**સેશન્સ જજ,(મુખ્ય)**
**ગાંધીનગર.**

cjr

PRINCIPAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR
सत्यमेव जयते